જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૭/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-</u> <u>સમાચાર યાદી નં.૧૪૦૪/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૨૫૨ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ રિક્ષા, ૧ મોટર સાયકલ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૮૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૦૫/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી :-</u> <u>સમાચાર યાદી નં.૧૪૦૬/૧૭</u>

**નવરંગપુરાઃ** કિર્તીબહેન વા\ઓ મદનમોહન સારસ્વત (ઉવ.૫૫) (રહે. ચોવાલાલુ લેન ચવરબજાર મહવિર ચોકા કોટવાલા રાંચી ઝારખંડ) એ તા.૮/૭/૧૭ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે માર્ચ ૨૦૧૫ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) સંજય મહેતા અને (૨) અનમોલ સંજય મહેતા (બન્ને રહે. ફેડલ સ્વસ્તીક ચાર રસ્તા પાસે નવરંગપુરા) એ ભેગા મળી નવરંગપુરા, સી.જી.રોડ ધર્મરાજ જવેલર્સની સામે ખાતે કિર્તીબહેનના પુત્ર પ્રિયંક સાથે સ્ક્રેપ બાબતે ચર્ચા કરી તાઈવાનથી મુન્દ્રા પોર્ટ ખાતે સ્ક્રેપ ૧૯,૩૪૭.૧૬ ડોલર મંગાવી બારોબાર વેચી છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોઈ.શ્રી આર.વી.દેસાઈ ચલાવે છે.

<u>ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૪૦૭/૧૭</u>

**પાલડીઃ** વનિતાબહેન વા/ઓ અશોકભાઇ બંસલ (ઉ.વ.૫૧) (રહે. નંદધામ એપાર્ટમેન્ટ સામે મલય ટેનામેન્ટ વાસણા બેરેજ રોડ) તા.૭/૭/૧૭ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે આંબાવાડી પોસ્ટ ઓફીસની બહાર ફતેપુરા ઓટલા ઉપર વનિતાબહેન બેઠા હતા ત્યારે અજાણ્યા બે પુરૂષ વનિતાબહેનને બેભાન કરી વનિતાબહેનના હાથમાંથી સોનાની બંગડી નંગ-૨ અને સોનાની વિંટી નંગ-૧ મળી કુલ કિમત રૂપિયા ૭૯,૦૦૦/- ચોરી કરી લઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ વનિતાબહેન બંસલે પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી આર.ડી.ગોજીયા ચલાવે છે.

લુંટની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૪૦૮/૧૭

**માધવપુરા**: ધર્મેશભાઇ દશરથભાઇ દંતાણી (ઉ.વ.૨૪) (રહે. ઔડાના મકાનમાં ભાઠા ગામ વાસણા) એ **માધવપુરા** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૭/૧૭ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે દરીયાપુર દરવાજા બહાર કટારીયા વર્કશોપ પાસે, બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ નજીકથી પોતાના મિત્ર સાથે પોતાની રિક્ષા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે બીજી રિક્ષાના ચાલકે રિક્ષા રસ્તાની વચ્ચે પાર્ક કરેલ હોઈ રિક્ષા લઈ લેવાનુ કહેતા તે રિક્ષાના ચાલકે અને અન્ય ત્રણ છોકરાઓએ ધર્મેશભાઈ અને ધર્મેશભાઈના મિત્ર સાથે મારામારી કરી ધર્મેશભાઈના ખીસ્સામાંથી મોબાઈલ ફોન કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૮૫૦૦/- કાઢી લુંટ કરી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.નિનામા ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ સમાચાર યાદી નં.૧૪૦૯/૧૭

**ચાંદખેડા**: રામકેશ શ્રીનાથ સરોજ (ઉ.વ.૪૦) (રહે.ખોડીયાર ખોરજ રેલ્વે સ્ટેશન, કંન્ટેનર ડેપો પાસે આવેલ ફાર્મમાં તા.જી.ગાંધીનગર) એ **ચાંદખેડા** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૭/૧૭ રાતના ૧૨/૦૦ વાગ્યાના સુમારે રામકેશ સરોજના પત્ની જગતપુર ગામ ગોદરેજ ગાર્ડન સીટી જવાના ક્રોસ રોડ એસ.જી હાઈવે નજીક ઉભા હતા ત્યારે સળીયા ભરેલી ટ્રક નંબર જીજે-૩ વી ૮૯૧૨ ના ચાલકે ટ્રકની લાઈટ બંધ કરી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રામકેશ સરોજના પત્નીને ટક્કર મારતા પડી જતા ટ્રકનુ ટાયર ફરી વળતા સ્થળ ઉપર તેમનું મૃત્યુ નિપજયું હતુઆ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**મેઘાણીનગર**: મુકેશભાઇ પ્રભુદાસભાઇ સાદ (ગોસ્વામી) (રહે. સાકાર એપાટમેન્ટ સામે બજરંગ આશ્રમ પાછળ હીરાવાડી બાપુનગર) એ **મેઘાણીનગર** પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૭/૧૭ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે મેઘાણીનગર સ્વામી હરનામદાસ સોસાયટી નજીકથી મુકેશભાઈ અને મુકેશભાઈના માસીના દિકરા દીનેશભાઇ મોટર સાયકલ ઉપર બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા રિક્ષા ચાલકે રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી મોટર સાયકલને ટક્કર મારતા દીનેશભાઈને ગંભીર ઈજાઓ થતા તેમને સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન દીનેશભાઈનુ મૃત્યુ નિપજયું હતુઆ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી અશોકસિહ લક્ષ્મણસિહ ચલાવે છે.

મકાનની દીવાલ/સ્લેબ તુટીપડતા મૃત્યુઃ સમાચાર યાદી નં.૧૪૧૦/૧૭

**બાપુનગર**: જયરામભાઈ બંસીરામ રાઠોડ (ઉ.વ.૭૪) (રહે. મેજીસ્ટ્રેટની ચાલી ચંદુલાલની ચાલી બાપુનગર) તા.૭/૭/૧૭ રાતના ૮/૨૫ વાગ્યાના સુમારે ચાલીના નાકે મકાનના ઓટલા ઉપર બેઠા હતા ત્યારે મકાનની દીવાલ તથા સ્લેબ તુટી જયરામભાઈ ઉપર પડતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે **બાપુનગર** પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.વી.રાણા ચલાવે છે.

આત્મહત્યાઃ-

સમાચાર યાદી નં.૧૪૧૧/૧૭

**રામોલ**ઃ ભાવનાબા વા/ઓ દિગવિજયસિહ જાડેજા (ઉ.વ.૩૫) (રહે. શ્રીનંદ ડુપ્લેક્ષ સિંધવાઈ માતાના મંદીર પાસે રામોલ) માનસીક રીતે અસ્થિર હોઈ તા.૮/૭/૧૭ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવાની ગોળીઓ ખાઈ જતા મૃત્યુ નિપજ્યું હતુઆ અંગે **રામોલ** પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી અમનખાન ગુલાબખાન ચલાવે છે.

**રીવરફ્રન્ટ ઇસ્ટ**ઃ રમેશભાઇ ચંદુભાઇ મહેતા (રહે. ગણેશપુરાની ચાલી દુધેશ્વર રોડ માધવપુર) એ અગમ્ય કારણસર તા.૮/૭/૧૭ સાંજના ૬/૪૫ વાગ્યા પહેલા દધિચીબ્રીજ નીચે નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ અરખાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.